## પરણિતોની ગેરહાજરી પણ સુખસુવિધાની પૂર્ણ 'ઘેર' હાજરી

ઘર-પરિવાર અને વિવાહિત દંપત્તિની દ્રષ્ટિએ ગાંધીનગર શહેર અને ગ્રામ્યના આંકડાઓ રસપ્રદ છે. ગ્રામ્ય અને શહેર એમ સમગ્ર ગાંધીનગરના વસ્તી ગણતરીના આંકડા એવું દર્શાવે છે કે કુલ ઘર પરિવાર પૈકી ૧૦ ટકા ઘર પરિવાર એવા છે કે જયાં વિવાહિત દંપત્તિ નથી, પરણેલા સ્ત્રી-પુરુષ નથી. એમાં પણ ગાંધીનગર ગ્રામીણ ક્ષેત્રમાં આની ટકાવારી ગાંધીનગર શહેરની સરખામણીએ બે ટકા જેટલી વધુ છે. એ સંદર્ભની વિગતો આપણે અગાઉ ચર્ચા કરી છે. આજે આપણે ચર્ચા ગાંધીનગર શહેર અને જિલ્લાની સરખામણી કરવાની છે. સરખામણીનો મુખ્ય મુદ્દો એ છે કે જયાં પરણેલા સભ્યો હોય કે ન હોય તેવા ઘર પરિવારોમાં ઘરની ભૌતિક સુખ સુવિધાની સ્થિતિ કેવી છે.

ગણતરીમાં ગાંધીનગર
પ્રા. ડૉ. રાજેન્દ્ર જાની

**શહેરી સંશોધકો માટે તપાસ કરવા જેવો સામાજિક મુદ્દો**

ગાંધીનગરના કુલ પરિવારોમાંથી ૩૧, ૨૧૯ પરિવારો એવા છે કે જે પરિવારમાં પરણિત દંપત્તિ નથી. અખંડ દાંપત્યજીવન ત્યાં નથી. ગાંધીનગર ગ્રામીણ વિસ્તારમાં તેની સંખ્યા ૧૮, ૬૮૦ અને શહેરમાં ૧૨, ૫૩૯ ની છે. આ પરિવારમાં વિવાહિત સ્ત્રી-પુરુષ સેન્સસની દ્રષ્ટિએ છે જ નહીં પરંતુ જો સુખ સુવિધાની દ્રષ્ટિએ તેમના ઘર-મકાનની ભૌતિક સ્થિતિ ચકાસીએ તો સ્થિતિ રસપ્રદ બાબત વ્યક્ત કરે છે. જે ઘરમાં પરણએલા સ્ત્રી-પુરુષ હોય એવા પરિવારો જ નથી ત્યાં ૧૭,૨૦૦ ઘર પરિવાર એવા છે કે જયાં તેમના રહેઠાણમાં બે રૂમથી માંડીને ત્રણ, ચાર કે છ રૂમ સુધીની સુવિધા છે. ગાંધીનગર શહેર અને ગ્રામીણ વિસ્તારમાં બંનેની સંયુકત સરેરાશ ટકાવારી ૫૫ % જેટલી છે. એટલે ગાંધીનગરના અડધો અડધ પરિવાર એવા છે કે જયાં બે રૂમથી વધીને છ રૂમ સુધીના ઘરની સગવડ છે પરંતુ પરણિત જોડ એ ઘરમાં નથી. જયારે ગ્રામીણ અને શહેરી એમ ચકાસીએ તો એમ જાણવા મળે છે કે ગાંધીનગર ગ્રામીણ ક્ષેત્રમાં આ પ્રકારના કુલ ૯૮૧૯ કુટુંબો છે જયારે શહેરી ગાંધીનગરમાં કુલ ૭૩૮૧ કુટુંબો છે. ટકાવારી અનુક્રમે ૫૨ % અને ૫૮ % થાય. આપણી પાસે આંકડાઓ સ્પષ્ટ માહિતી જાહેર કરે છે, આંકડા સ્વયં બોલે છે કે ગાંધીનગરમાં જે પરિવારોમાં પરણિત પતિ-પત્ની કે પરણિત સંતાનો નથી એવા ૩૧, ૨૧૯ પરિવારોમાંથી ૧૭, ૨૦૦ પરિવાર એવા છે કે જયાં મકાનની સુવિધા શ્રેષ્ઠ કહી શકાય એવી છે પરંતુ એ મકાનમાં પરણેલા સદસ્યો જ નથી. ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પ્રતિ પરિવાર વિવાહિત દંપત્તિઓની સંખ્યા અને ઘરમાં રહેવા માટેના ઓરડાની સ્થિતિ નીચે દર્શાવેલા કોષ્ટકમાં રજૂ કરી છે.

**ઘર પરિવાર : વિવાહિત દંપત્તિ અને ઓરડાની સંખ્યા**

| રૂમ સુવિધા | ગ્રામ | શહેર |
|---|---|---|
| બે રૂમ | ૭૦૭૬ | ૪૪૬૮ |
| ત્રણ રૂમ | ૨૬૫૫ | ૨૦૭૧ |
| ચાર રૂમ | ૧૯૨ | ૪૯૨ |
| પાંચ રૂમ | ૪૯ | ૨૦૫ |
| છ રૂમ | ૩૭ | ૧૪૫ |

**સંદર્ભ : ગુજરાત શ્રૃંખલા -૨૫**

ઉપરનું ટેબલ સમાજ માટે ચિંતા અને ચિંતનનો વિષય છે તો સાથોસાથ સમાજવિજ્ઞાનના જિજ્ઞાસુ સંશોધકો માટે આ પરિસ્થિતિ પાછળના સામાજિક કારણો જાણવા માટે સંશોધન વિષય પણ છે. ગાંધીનગરના સમાજ વિજ્ઞાનના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ આંકડાઓની હકીકતની પાછળના તથ્યો શોધવાના પ્રયાસો કરવા જેવા છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)




# શહેરમાં કોલ્ડવેવ યથાવત : પારો ૭.૫ ડિગ્રી

**ઠંડીનું જોર યથાવત રહેતા રવિવારે માર્ગો સુમસામ બન્યા : ઠંડા પવનના સુસવાટાએ નગરવાસીઓ ઠુંઠવાયા**

**પાટનગરવાસીઓ ગરમ વસ્ત્રો અને તાપણાના શરણે : આગામી દિવસોમાં કોલ્ડવેવ યથાવત રહેવાની સંભાવના**



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં હજુ પણ કાતિલ ઠંડીનો પ્રકોપ યથાવત રહેવા પામ્યો છે અને શહેરમાં સતત ચોથા દિવસે લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રીથી નીચે રહેતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. આજે શહેરનું લઘુત્તમ તાપમાન ૭.૫ ડિગ્રી સે. રહેવા પામ્યું હતું જયારે મહત્તમ તાપમાનનો પારો ૨૫.૨ ડિગ્રી સે. નોંધાયો હતો. માત્ર ગરમ વસ્ત્રો જ નહી પરંતુ તાપણા અને હીટરનો સહારો લેવો પડે તેવી ઠંડીમાં શહેરમાં સવારે ભેજનું પ્રમાણ જે ૬૬ ટકા હતું તે સાંજ સુધીમાં ઘટીને ૫૦ ટકા નોંધાયું હતું. છેલ્લા ચાર પાંચ દિવસથી કાશ્મિર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં પ્રસરેલા કોલ્ડવેવની ઝપટમાં ગુજરાતનું પાટનગર ગાંધીનગર પણ આવી ગયું છે અને ઠંડા પવનના સુસવાટા નાગરિકોના મોઢામાંથી સિસકારી બોલાવી રહ્યા છે. ઠંડાગાર બની ચુકેલા ગાંધીનગરમાં રાત્રિના સમયે ખાણીપીણીનો વેપાર કરતા લારી ખૂમચાવાળા વેપારીઓને પણ તાપણાંનો સહારો લઈ રોજી રળવા ઉભું રહેવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ૧૨ થી ૧૫ કિમીની ઝડપે ફુંકાતા ઠંડા પવનના સુસવાટાને કારણે માત્ર નાગરિકો ટોપી સ્વેટર જ પહેરવા પડી રહ્યા છે એટલું જ નહી પરંતુ વાહનચાલકોને પણ ભારે તકલીફ પડી રહી છે. અત્યારની ઠંડીમાં માત્ર સવારે અને રાત્રે જ નહી પરંતુ સમગ્ર દિવસ દરમિયાન ગરમ વસ્ત્રોનો સહારો લેવો પડી રહ્યો છે અને શહેરમાં ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગની હાલત વધુ કફોડી બની છે. હાડ થીજવતી ઠંડીના પગલે શહેરમાં શરદી તાવ ઉધરસની બિમારીમાં પણ વધારો થયો છે અને શ્વાસ તથા એલર્જીની તકલીફ ધરાવતા વડીલ વર્ગની પરેશાની પણ ખૂબ વધવા પામી છે.

ઠંડીના પગલે શહેરમાં સ્વાઈન ફલુ જેવી બિમારીએ પણ દેખા દીધી છે અને તેને ઉગતી ડામવા તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવી રહ્યા છે. હજુ પણ ઉત્તર ભારતીય વિસ્તારોની સ્થિતિ જોતા શહેરમાં આગામી સપ્તાહે પણ ઠંડીનું વિકરાળ સ્વરૂપ જોવા મળશે તેવા એંધાણ જણાઈ રહ્યા છે.

## જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ કરતાં રવિ સીઝનમાં બે હજાર હેકટર વાવેતર વધ્યુ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં ઠંડીનો માહોલ જામતાં રવિ સીઝનના અંતિમ તબક્કામાં વાવેતરનો નવો વિક્રમ સર્જાયો છે. છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ ૬૯ હજાર હેકટર સામે આ વખતે ૭૧,૭૯૪ હેકટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે.

જિલ્લામાં ચોમાસુ નિષ્ફળ ગયા પછી આ રવિ સીઝનમાં ઘાસચારાના વાવેતર વિસ્તારમાં પાંચ હજાર હેકટર જેટલો વિક્રમી વધારો નોંધાયો છે. જિલ્લામાં રવિ સીઝનમાં ઘાસચારાનું વાવેતર ૨૪,૧૩૮ હેકટરમાં થયું છે. જે અગાઉના વર્ષોમાં ૧૯ હજાર હેકટરની આસપાસ રહેતું હતું. ઘાસચારાના વાવેતર વિસ્તારમાં થયેલા વધારાને પગલે આગામી દિવસોમાં પશુપાલકોને ઘાસાચારાની તંગીનો બહુ સામનો કરવો પડશે નહિ તેવું તંત્ર તેમજ ખેડૂતોનું માનવું છે.

જિલ્લામાં આ વખતે બટાટાની ખેતીમાં પણ વિક્રમી વાવેતર થયું છે. છેલ્લા ત્રણેક વર્ષની સરેરાશ જોઈએ તો તે ૭૪૦૦ હેકટર જેટલું થતું હતું જયારે આ

**બટાટાની વિક્રમી ખેતી : ઘઉં, શાકભાજીના તેમજ રાઈ-વરિયાળીના વાવેતરમાં ઘટાડો નોંધાયો**

વખતે ૯૬૧૩ હેકટરમાં થયું છે. અર્થાત ૧૨૦૦ હેકટર વિસ્તારમાં વધુ થયું છે. જેમાં સિંચાઈના આધુનિક સાધનોની ઉપલબ્ધિ વધુ પૂરક પુરવાર થઈ હોવાનું મનાઈ રહ્યું છે. જિલ્લામાં ચોમાસુ નિષ્ફળ ગયા પછી પણ કલોલ અને દહેગામ વિસ્તારમાં ૧૦ ટકા જેટલું સરેરાશ વાવેતર વધવા પામેલ છે જે આ સિઝનની સૌથી નોંધનીય ઘટના છે. આ વખતે માણસા અને ગાંધીનગરમાં સરેરાશ જળવાઈ રહેવા પામી છે.

જિલ્લામાં વરિયાળી, તમાકુ, ઘઉં અને રાઈ પાકના વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો છે.

જિલ્લાનો મુખ્ય પાક ગણાતા ઘઉંના પાકના વાવેતરમાં ૨ હજાર હેકટર જેટલો ઘટાડો નોંધાયો છે જે પાણીની અછત દર્શાવે છે. જો કે ઘઉંનું પાછોતરૂ વાવેતર વધવા પામ્યું છે. જેમાં ઝડપથી પાકતી જાતોનું વાવેતર થયું છે.

ચણાના પાકનો વાવેતર વિસ્તાર પણ ૨૦૦ હેકટર જેટલો વધવા પામ્યો છે. જે તેના બજારભાવમાં થઈ રહેલા વધારાને લઈ ખેડૂત આકર્ષાયા હોય તેવું મનાઈ રહ્યું છે. શાકભાજીના વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો છે. આ ઘટાડો પણ ૯૦૦ હેકટર જેટલો છે. સરેરાશ ૭૧૦૦ હેકટર વાવેતર થતું હતું તેની સામે આ વર્ષે ૬૨૪૦ હેકટર વિસ્તારમાં જ વાવેતર થયું છે. બટાટાની ખેતીમાં થયેલો વધારો કોન્ટ્રેકટ ફાર્મિંગ તેમજ બિયારણ પણ કંપનીઓ તરફથી પુરું પાડવાના અભિગમને આભારી હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લાના વાવેતર વિસ્તારમાં બે હજાર હેકટર જેટલો વધારો નોંધાયો છે જેને કારણે આગામી દિવસોમાં પિયત માટે પાણીની જરૂરિયાત વધશે અને તેને પહોંચી વળવા માટેના આયોજનની તૈયારીઓ તંત્ર દ્વારા કરવામાં આવી રહી હોવાનું મનાઈ રહ્યું છે. સરકારે સિંચાઈની સુવિધા તેમજ ઘાસચારાના વાવેતર માટે પ્રોત્સાહન આપવા આપેલી કીટથી ખેડૂતોમાં રાહતની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે.

## એસ્પીરેશનલ ડિસ્ટ્રીકટમાં જિલ્લાના ક્રમમાં સુધારો થતાં તંત્રે રાહતનો દમ લીધો

ગાંધીનગર, તા.૩૦

એસ્પીરેશનલ ડિસ્ટ્રીકટમાં જિલ્લાનો ક્રમ નવેમ્બર અંતિત ૧૪મા ક્રમાંક પર આવતા તંત્રએ થોડોક રાહતનો શ્વાસ લીધો છે. ઓકટોબર અંતિત જિલ્લાનો ક્રમ ૨૦મો હતો. આમ છ ક્રમાંકનો સુધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આરોગ્ય સેવાઓના માપદંડમાં જિલ્લામાં ભારેખમ સુધારો નોંધાયો છે અને જિલ્લાનો ક્રમ રાજયમાં ૬ઠ્ઠો આવ્યો છે. આ ઉપરાંત કૃષિમાં પણ ૧ ક્રમાંકનો સુધારો નોંધાયો છે. સ્કીલ ડેવલપમેન્ટના માપદંડમાં પણ સુધારો જણાયો છે.

શિક્ષણ સેવામાં જિલ્લાએ તેનો ક્રમાંક જાળવી રાખ્યો છે. આ ઉપરાંત આંતર માળખાકીય સુવિધામાં પણ જિલ્લાએ તેનું સ્થાન જાળવી રાખવામાં સફળતા મેળવી છે.

એસ્પીરેશનલ ડીસ્ટ્રીકટનું મોનીટરીંગ દર માસે રાજયના મુખ્ય સચિવશ્રી ડૉ. જે.એન. સિંહની અધ્યક્ષતામાં થાય છે. આ બાબતે તંત્રને એક-બે વાર ટપારવામાં પણ આવ્યું હતું.

મળતી વિગતો પ્રમાણે એસ્પીરેશનલ ડિસ્ટ્રીકટને લઈ કરવાની થતી ડેટા એન્ટ્રીઓમાં ઉદાસીનતા દાખવામાં આવતી હોવાની હકીકતો ધ્યાને આવતાં તંત્રએ આ કામગીરીને અગ્રતા આપી હતી. આ મુદ્દે જિલ્લા કલેકટરશ્રી લાંગાના અધ્યક્ષસ્થાને તંત્રના અધિકારીઓ સાથે નિયમિત સમીક્ષા બેઠક પણ યોજવામાં આવે છે.

હવે જાન્યુઆરી માસમાં ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમીટ યોજાવાની છે ત્યારે જિલ્લાના ક્રમાંકમાં થયેલા નોંધનીય સુધારાને લઈ કર્મયોગીમાં પણ અનેરી ચેતનાનો સંચાર થયો છે.

## ઔડા-ગુડામાં સમાવિષ્ટ વિસ્તારમાં વાસ્મો દ્વારા પાણીની કામગીરી નહિ થાય

ગાંધીનગર, તા.૩૦

ઔડા અને ગુડામાં સમાવાયેલા ગ્રામ્ય વિસ્તારમાં પેયજળને લગતા કામો હાથ નહિ કરવાના વિવાદાસ્પદ નિર્ણયે સમગ્ર જિલ્લામાં ચર્ચા જગાવી છે.

ઔડા અને ગુડા સત્તામંડળ હેઠળ જિલ્લાના ૧૦૦થી વધુ ગામોનો સમાવેશ થયેલો છે. આ વર્ષે જિલ્લામાં ચોમાસુ પણ નિષ્ફળ રહ્યું છે. એટલું જ નહિ જિલ્લાના ત્રણ તાલુકામાં ૪૫૦ મિ.મિ. કરતાં

**વાસ્મોનો નિર્ણય લોકજીભે ચર્ચાનો મુદ્દો : જિલ્લા સંકલન સમિતિમાં કોંગી સભ્યો વિરોધ કરી ચુકયા છે**

ઓછો વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં પેયજળની સુવિધા માટે આ વિસ્તારમાં સમાવેશ કેટલાક ગામોએ આને લઈ લોકફાળો પણ જમા કરાવી દીધો છે. પરંતુ વાસ્મો દ્વારા લેવાયેલા આ નિર્ણયને પગલે નવી સમસ્યા તંત્ર સામે ઉભી થવા પામી છે.

ગત મહિને જિલ્લા સંકલન અને ફરિયાદ નવારણ સમિતિની મળેલ બેઠકમાં પણ આ અંગે ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર અને સુરેશ પટેલે ઉગ્ર રજુઆત કરી હતી.

જિલ્લા કલેકટર શ્રી લાંગાએ આ બાબતે ઉચ્ચ કક્ષાએ યોગ્ય ફોરમમાં રજુઆત કરવાની ખાત્રી આપી હતી. દરમિયાન શનિવારે મળેલ વાસ્મોની એક બેઠકમાં પણ આ મુદ્દો ચર્ચા દરમિયાન સામે આવ્યો હતો. અધિક નિવાસી કલેકટર એચ.એન. જાડેજાએ પણ આ બેઠકમાં કલેકટરશ્રીએ આપેલ હૈયાધારણને દોહરાવી હતી.

જિલ્લામાં આગામી દિવસોમાં પાણીની સમસ્યા ઉભી થવાની સંભાવનાઓ રહેલી છે. જિલ્લો આમેય ઓવર એકસ્પલોઈટેશન ઝોનમાં આવે છે ત્યારે વાસ્મો દ્વારા હવે શું થાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે. જો કે હાલ તો જિલ્લામાં બધુ બરાબર છે તેવી વાતો થઈ રહી છે પરંતુ આગામી દિવસોમાં પરિસ્થિતિ કેવા વળાંકો લે છે તેના પર બધુ નિર્ભર છે. ગ્રામીણ વિસ્તારમાં પાણીની જરૂરિયાતો વધશે.

## અછતની સ્થિતિ અંગે મુખ્યમંત્રી આજે સમીક્ષા કરશે

ગાંધીનગર, તા.૩૦

રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આજે રાજયમાં પ્રવર્તતી અછતની પરિસ્થિતિને લઈ ખાસ સમીક્ષા કરશે.

વિડીયો કોન્ફરન્સ યોજી અછતના ચાલી રહેલા કામો તેમજ કૃષિ ઈનપુટ સહાયને લઈ મળેલ અરજીઓ અને પાણીના આયોજન સહિતની વિવિધ બાબતોને આવરી લઈ તેઓ જિલ્લા વહીવટી તંત્ર સાથે સમીક્ષા કરશે.

રાજયમાં ૪૫૦ મિ.મિ.થી ઓછો વરસાદ થયો છે તેવા ૪૫ તાલુકાઓમાં કૃષિ ઈનપુટ સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અરજીઓ સ્વીકારવાની મુદતમાં સરકારે ૧૫ દિવસની મર્યાદા વધારી દીધી છે. પરંતુ જિલ્લાઓમાંથી કેટલી અરજીઓ મળી અને શું શું મુશ્કેલીઓ છે તે સમજવાનો તેમજ જાણકારી મેળવવાનો પ્રયાસ કરશે.

આ સમીક્ષા દરમ્યાન પશુપાલન માટે ઘાસચારાની ઉપલબ્ધિ અંગેની વિગતો પણ મેળવશે તેમ મનાઈ રહ્યું છે.

## શ્રી કાલીકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા અખબારી સ્પષ્ટતા

થોડા સમયથી કેટલાક તત્વો દ્વારા પવિત્ર શકિતપીઠ પાવાગઢને બદનામ કરવા તેમજ હાલમાં ચાલી રહેલા વિકાસ કાર્યો તથા યાત્રીકો માટેની સગવડો વિ. ના કામો ખોરંભે પાડવા માટેના કલંકીત કૃત્યો કરી રહેલા છે. હકીકતમાં તેમના દ્વારા કરાઈ રહેલા આક્ષેપો તદન ખોટા અને પાયાવિહોણા છે. તેમનો ઈરાદો મલીન અને ખોટું કરવાનો હોય તેમ લાગે છે. હકીકતમાં તો પાવાગઢ ખાતેનો પ્રોજેકટ સન ૨૦૧૧માં સરકારશ્રી સમક્ષ મુકવામાં આવેલ હતો. પરંતુ તત્કાલીન અધિકારીની મેલી મુરાદ અને મલીન ઈરાદાઓને કારણે કોઈક બહાનાઓ બતાવી પ્રોજેકટને ટલ્લે ચડાવેલ હતો અને યેનકેન પ્રકારે આ પ્રોજેકટ ન થાય તેવા કારણો આગળ ધરી આ શકિતપીઠમાં યાત્રીકોની સુવિધાના કામો અટકાવેલ હતા. પરંતુ સન ૨૦૧૫માં આવેલા નવા ટ્રસ્ટી મંડળ દ્વારા સરકારશ્રીમાં વારંવારની ધારદાર રજુઆતો બાદ સરકાર તથા યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ પ્રોજેકટને R&B ની મધ્યસ્થી દ્વારા તથા ટેન્ડરો બહાર પાડી શરુ કરવામાં આવેલ છે. હાલ આ સદર કામો વ્યવસ્થિત રીતે અને પુરજોશમાં ચાલુ છે. કામોની ગુણવત્તા અતિ ઉત્તમ પ્રકારની છે. મંદિર ટ્રસ્ટના ૩૦%નો ફાળો આપવામાં આવેલ હોય મંદિર ટ્રસ્ટ દ્વારા પણ સદર કામોની ગુણવત્તા વારંવાર ચકાસવામાં આવે છે અને મંદિર ટ્રસ્ટને સદર કામોથી સંતોષ છે.

જેથી લાગતા વળગતા અને જાહેર જનતાને આથી ખુલાસો કરવામાં આવે છે કે, આવા કથિત તત્વોની વાતો બીનપાયેદાર છે અને માતાજીના કામોમાં આવો કથિત ભ્રષ્ટાચાર શક્ય જ નથી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com